PGVCL

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ, સામે,ભુજ
ફોન: ૦૨૮૩૨-૨૪૩૫૫૦ ફેક્ષ:૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com

નં:કેસી/સીજીઆરએફ-ભુજ/૨૦૧૯ № 106 તારીખ: 10 JUN 2019

રજી. એ.ડી. દ્વારા

પ્રતિ4
ચુનીલાલ સવગણ માકાણી,
ગામ- કોટડા(આથમણા),
તા- ભુજ-કચ્છ,
મોબાઇલ નંબર:- ૯૮૯૮૨ ૯૨૧૫૬

વિષય:- કેસ નંબર પીજી૦૧/૦૦૪/૨૦૧૯-૨૦
સંદર્ભ:- આપની અરજી નોંધણી નં. પીજી૦૧/૦૦૪/૨૦૧૯-૨૦

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારૂં.

(એસ એન વહોનીયા)
કન્વીનર
ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભૂજ.

બિડાણ-ઉપર મુજબ
(૧) અધિક્ષક ઈજનેર, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, ભુજ
(૨) કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ભુજ
(૩) નાયબ ઈજનેર, પીજીવીસીએલ, પેટાવિભાગીય કચેરી, માધાપર

........ ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ(ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

Scanned by CamScanner

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ

ફોન:- ૦૨૮૩૨-૨૫૩૫૫૦ફેક્સ:- ૦૨૮૩૨-૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં કેસી/સીજીઆરએફ/૨૦૧૯/ 106　　　　તારીખ: 10/06/19

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-01-004-2019-20.

અરજદાર: શ્રી ચુનીલાલ સવગણ માકાણી
મુ.પો.-કોટડા(આથમણા), તા. ભુજ-કચ્છ

રજૂઆત કરનાર: શ્રી રીતેશ વિનોદભાઈ ઠક્કર – અરજદારના પ્રતિનિધિશ્રી.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યપાલક ઇજનેરશ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ભુજ

રજૂઆત કરનાર: (૧) શ્રી જે.જે.ક્રિશ્ચિયન, નાયબ ઈજનેરશ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ભુજ
(૨) શ્રી એ.ડી.ત્રિપાઠી, નાયબ ઈજનેરશ્રી, પીજીવીસીએલ, પેટા-વિભાગીય કચેરી, માધાપર
(૩) શ્રી એન.પી.દિવાન, જુનિ.ઈજનેરશ્રી, પીજીવીસીએલ, પેટા-વિભાગીય કચેરી, માધાપર

## :: કોરમ ::

૧) શ્રી જે.બી.પારેખ, ચેરમેન
૨) શ્રી એ.એસ.માંડલિયા, મેમ્બર ટેક
૩) શ્રીમતી એન એચ જોષી, સ્વતંત્ર મેમ્બર

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હૉલ, પીજીવીસીએલ., વર્તુળ કચેરી, ભુજ.

તારીખ: ૨૪/૦૫/૨૦૧૯

સદર કેઈસમાં સીજીઆરએફ હીયરીંગ માટે અરજદારને તા. ૧૨/૦૪/૨૦૧૯, તા. ૧૦/૦૫/૨૦૧૯ તથા તા. ૨૪/૦૫/૨૦૧૯ના રોજ ઉપસ્થિત રહેવાની જાણ કરવામાં આવેલ. જેમાં અરજદારશ્રીના પ્રતિનિધિ તા. ૧૦/૦૫/૨૦૧૯ના રોજ ઉપસ્થિત રહેલ. પીજીવીસીએલના અધિકારીઓ તા. ૧૨/૦૪/૨૦૧૯, તા. ૧૦/૦૫/૨૦૧૯ તથા તા. ૨૪/૦૫/૨૦૧૯ના રોજ ઉપસ્થિત રહેલ.



Scanned by CamScanner

## :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારશ્રી ચુનીલાલ સવગણ માકાણી – ગામ કોટડા(આથમણા), તા. ભુજ, જી.-કચ્છએ ખેતી વિષયકના નવા વીજજોડાણ માટે અરજી કરેલ હતી. જેનો કોલ પીજીવીસીએલ કચેરી દ્વારા અપાયેલ. જે કોલ અરજદારને ન મળતાં આ બાબતે અરજદારશ્રી દ્વારા તપાસ કરતાં પીજીવીસીએલ કચેરીએ આ વીજજોડાણ માટેની અરજી રદ કરેલ, એવું જણાવેલ છે.

૧.૧ સદર કેસની રજૂઆત નીચે મુજબ છે.

૧.૨ અરજદારશ્રીને પીજીવીસીએલ કચેરી દ્વારા પત્ર ક્રમાંક-બીજેડીએન/એક/રેવ-૧/ગ્રાહક તકરાર/૨૯૩૫ તા ૨૬.૦૬.૨૦૧૭ થી તેઓનો કોલ લેટર બંદરા નાના ગામે ટપાલ મૂકી હોવાની રજી. એડી. ની પહોંચ અમોને આપેલ.

૧.3 અરજદારશ્રી પીજીવીસીએલ કચેરી દ્વારા કોલ લેટર ૩૧૫૭/તા. ૨૦/૯/૧૬ના રોજ મોકલેલ જે અમોએ મળેલ નથી અને અમોએ અંદાજપત્ર ભરપાઈ કરેલ નથી. તેથી પીજીવીસીએલ કચેરીએ અમારી અરજી દફતરે કરેલ હતી.

૧.૪ અરજદારશ્રી અમોને કોલ લેટર મળેલ નથી અને અમોએ અંદાજપત્ર ભરપાઈ કરેલ નથી.

૧.૫ અરજદારશ્રીએ નવા ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી ચુનીલાલ સવગણ માકાણી ખેતીવાડીના નવા વીજજોડાણ માટે અરજી કરેલ હતી.

૨.૧ અરજદારશ્રીને માધાપર પેટાવિભાગીય કચેરી દ્વારા તા. ૨૦/૦૯/૨૦૧૬ના રોજ જાવક નંબર ૩૧૫૭થી અંદાજપત્રક રજી.એડી.થી આપવામાં આવેલ હતો.

૨.૨ અરજદારશ્રીને ઉપરોક્ત દર્શાવેલ જાવક પત્રક અરજદારને મળેલ અને તેઓશ્રીએ રજી.એ.ડી.ની પહોંચ પર સહી કરી અત્રેની કચેરીને પરત મોકલેલ.

૨.3 અરજદારશ્રી દ્વારા રજી.એ.ડી.ને પહોંચ અને ગ્રાહકના નવા વીજજોડાણ માટેના અરજી ફોર્મમાં કરેલ સહી પણ મળતી આવે છે.

૨.૪ અરજદારશ્રીને મોકલેલ જાવક પત્રકનો રજીસ્ટર એ.ડી. નં., કચેરીનું જી.પી.રજીસ્ટર, પોસ્ટલ સ્ટેમ્પ રજીસ્ટર અને અંદાજપત્રકનો આઉટવર્ડ નંબર દર્શાવતું પત્રક દરેક દસ્તાવેજી પુરાવામાં કોલ લેટર અરજદારને મળેલ છે, તે સાબિત થાય છે.

૨.૫ સદર કેઈસમાં નવા ખેતીવાડી વીજજોડાણ આપવા માટેની કાર્યવાહી પીજીવીસીએલ કચેરીએથી નિયત સમયે થઈ ગયેલ છે.



Scanned by CamScanner

# :: હુકમ ::

૩.૦ સદર ફરિયાદ અનુસંધાને કન્વીનર દ્વારા તા. ૧૨/૦૪/૨૦૧૯, તા. ૧૦/૦૫/૨૦૧૯ તથા તા. ૨૪/૦૫/૨૦૧૯ના રોજ ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમમાં ઉપસ્થિત રહેવાની અગાઉથી જાણ કરવામાં આવેલ. પરંતુ અરજદારશ્રીના પ્રતિનિધિ તા. ૧૦/૦૫/૨૦૧૯ ના રોજ ફોરમમાં હાજર રહેલ હતા.

૩.૧ સુનાવણી સમયે રજૂઆત કરનારની તેમજ સામાવાળાની લેખિત રજૂઆત તેમજ રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાના આધારે નીચે મુજબના તારણ પર આવી શકાય.

૩.૨ અરજદારશ્રી તા.03/૦૮/૨૦૧૩ના રોજ નવા ખેતીવાડી વીજજોડાણ માટે ગામ બંદરા નાના માટે અરજી કરેલ.

૩.3 પીજીવીસીએલ માધાપર પેટાવિભાગીય કચેરીના જણાવ્યા મુજબ તા. ૨૦/૦૯/૨૦૧૬ના રોજ જાવક નંબર ૩૧૫૭ થી અંદાજપત્રક રજી.એ.ડી.થી આપવામાં આવેલ જે સદરહુ અરજદારશ્રીને મળેલ છે.

૩.૪ અરજદારશ્રીને અંદાજપત્રક મળેલ અને તેઓશ્રી રજી. એ.ડી.ની પહોંચ પર સહી કરી પીજીવીસીએલ કચેરીને પરત કરેલ. સદરહુ રજી. એ.ડી.ની ઓરીજીનલ સ્લીપ પણ પેટાવિભાગીય પાસે ઉપલબ્ધ છે.

૩.૫ પીજીવીસીએલ દ્વારા રજૂ કરેલ દસ્તાવેજી પુરાવામાં અરજદારે સહી કરેલ આર. પી.એડી. સ્લીપ રજુ કરવામાં આવેલ છે.

૩.૬ આમ, અરજદારશ્રીની અરજી ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દ્વારા રદ કરવામાં આવે છે, તથા સદર ફરિયાદ ફેંસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (એન. એચ. જોષી)<br>સ્વતંત્ર મેમ્બર | (એ.એમ.મોડલિયા)<br>મેમ્બર ટેક | (જે.બી. પારેખ)<br>ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન 30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

PG-01-004-2019-20



Scanned by CamScanner